# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૦/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## સુરત રેલ્વે સ્ટેશનના સ્ટેશન ડિરેક્ટર ચેમ્બેરની મુલાકાતે

આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નાનપુરા, સુરત ખાતે સુરત રેલ્વે સ્ટેશનના ડિરેક્ટરશ્રી સી.આર.ગરુડા સાહેબે ચેમ્બરના વિવિધ પ્રતિનિધિઓ તેમજ રેલ્વે કમિટી સાથે વાર્તાલાપના કાર્યક્રમમાં હાજરી આપી હતી. વાર્તાલાપ દરમ્યાન ચેમ્બરના પ્રમુખશ્રી કેતન દેસાઈ દ્વારા ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. મુખ્યત્વે અદાણી પોર્ટથી ક્રિભકો સુધીની બ્રોડગેજ લાઈન તાત્કાલિક ધોરણે નાખવામાં આવે તો અદાણી પોર્ટનો ઉપયોગ ઉત્તર ભારત સ્થિત ઉદ્યોગ આસાનીથી કરી શકે છે. વધુમાં પ્રમુખશ્રીએ અનુરોધ કર્યો હતો કે, રેલ્વેની વિવિધ કમિટીઓમાં ચેમ્બરના પ્રતિનિધિત્વ મળે એવા પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. અને આઠ ટ્રેનોનું સ્ટોપેજ નથી તેને સ્ટોપેજ આપવા માંગણી કરી હતી. સુરત રેલ્વે સ્ટેશન ખાતે એન્ટ્રી ગેટમાં ટ્રાફીક જામની સમસ્યા છે તેને દુર કરવા પગલા સૂચવ્યા હતા તેમાં મુંબઈની જેમ સ્કાયવોક બનાવવા સૂચન કર્યુ હતુ. શ્રી સી.આર.ગરુડા સાહેબે જણાવ્યુ હતુ કે, સુરત રેલ્વે સ્ટેશનએ ભારતભરમાં આવક અને પેસેન્જર ટ્રાફીકની વ્યાખ્યા પ્રમાણે અગ્ર સ્થાને છે અને વધુમાં જણાવ્યુ હતુ કે, હાલના રેલ્વે મંત્રી દ્વારા ઘણાં બોલ્ડ નિર્ણયો લેવાયા છે. જેમાં ઘણાં ખરા નિર્ણયો લેવાનો અધિકાર હવેથી

DRM અને GM ને પણ આપવામાં આપ્યા છે જેથી નાના-નાના પ્રશ્નો રેલ્વે બોર્ડ સુધી પહોંચવાની જરૂર નથી. ચેમ્બરના પ્રમુખશ્રીએ શ્રી સી.આર.ગરુડા સાહેબને વિશ્વાસ અપાવ્યો હતો કે, એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માટે સ્પેશ્યલ રેક મુકવામાં આવે તો ચેમ્બર તરફથી તેના બુકીંગ અર્થે પુરેપુરો સહયોગ આપવામાં આવશે. કાર્યક્રમનું સમાપન ચેમ્બરના ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ નાવડીયા દ્વારા કરવામાં આવ્યુ હતુ અને જણાવ્યુ હતુ કે, ભવિષ્યમાં પણ વિવિધ કાર્યક્રમો ઓપન હાઉસ સેશન ચેમ્બરમાં રાખવામાં આવશે અને ચેમ્બર વતી પૂરો સહયોગ આપવામાં આવશે.